**કોવિડ - ૧૯ મૃત્યુના કિસ્સામાં વડોદરા મહાનગર પાલીકા અને વડોદરા જિલ્લા (ગ્રામ્ય) વિસ્તાર માટે અરજદારશ્રીઓએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.**

## કોવિડ -૧૯ થી થયેલ મૃત્યુના પ્રમાણપત્રો એકત્રીત કરવા.

(૧) આર.ટી.પી.સી.આર/ રેપીડ એન્ટીજન ટેસ્ટ / મોલેકયુલર ટેસ્ટ (કોરોના ટેસ્ટ) થયેલ હોય તેની નકલ

(૨) મૃત્યુની નોધણી અંગેનુ પ્રમાણપત્ર (દાખલો)ની નકલ ઉપલબ્ધ ન હોય તો જયાં મરણ થયુ હોય તે વિસ્તારના જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રીની કચેરીએથી મેળવી લેવાના રહેશે.

- ❖ વડોદરા મહાનગર પાલીકા વિસ્તારમાં મરણ થયેલ હોય તો જયાં મરણ નોંધવેલ હોય તે શહેરી પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર (Urban Primary Health Centre) અથવા શહેરી જન્મ - મરણ નોંધણી કચેરી, કેવડાબાગ ખાતેથી મેળવવાનું રહેશે.
- ❖ ગ્રામ્ય વિસ્તારમાં મરણ થયેલ હોય તો જયાં મરણ નોંધવેલ હોય તે સંબધિત તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી તથા ચીફ ઓફીસરશ્રી સંબધિત નગર પાલીકા/નોટીફાઇડ (INA) વિસ્તાર પાસેથી મેળવી લેવાનું રહેશે.

(3) નીચે જણાવેલ **(A) (B)** અથવા **(C)** માથી લાગુ પડતુ કોઇ પણ એક.

**(A)** મેડીકલ સર્ટીફીકેશન ઓફ કોઝ ઓફ ડેથ (MCCD) ફોર્મ - ૪ મૃત્યુનું કારણ દર્શાવતું તબીબી પ્રમાણપત્ર જે હોસ્પિટલમાં મૃત્યુ થયેલ હોય તે હોસ્પિટલ માથી પ્રમાણીત નકલ (ડોકટરના સહી સિકકા સાથે) મેળવવાની રહેશે.

**(B)** ઘરે મૃત્યુના કિસ્સામાં મૃત્યુ અંગેનું પ્રમાણપત્ર જે તે હોસ્પિટલ અથવા ખાનગી તબીબી અધિકારી પાસેથી ફ્રોમ - ૪ (એ) પ્રમાણીત નકલ (ડોકટરના સહી સિકકા સાથે) મેળવવાની રહેશે.

**(C)** ઉપરોકત બન્ને કિસ્સામાં મૃત્યુના કારણ અંગેનું ડોકટરી પ્રમાણપત્ર ફ્રોર્મ - ૪ અથવા ફ્રોર્મ - ૪(A) મળેલ/ ઉપલબ્ધ ન હોય અથવા મળેલ પ્રમાણપત્ર સામે વાંધો હોઇ તે કિસ્સામાં અરજદારે **COVID - 19 Death Ascertaining Committee (CDAC)** સમક્ષ અરજી કરવાની રહશે. જે માટે નીચે જણાવેલ સ્થળ પરથી તેનુ નિયતનમુના અરજી પત્રક (પરિશિષ્ટ - ૩) મેળવી શકાશે.

- મહાનગર પાલિકા વડોદરા (વડોદરા મ્યુ. કો.) માટે નજીકના શહેરી પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર (Urban Primary Health Centre) ખાતેથી અથવા વડોદરા મહાનગર પાલીકાની વેબસાઇટ vmc.gov.in ઉપરથી નિયતનમુના (પરિશિષ્ટ - ૩) મેળવી લેવાનુ રહેશે.
- વડોદરા જિલ્લા (ગ્રામ્ય) માટે સંબધિત તાલુકા હેલ્થ કચેરી અથવા vadodaradp.gujarat.gov.in ખાતેથી મેળવી લેવાનું રહેશે.

જે પરીશિષ્ટ - ૩માં દર્શાવેલ બિડાણ (ચેકલીસ્ટની યાદી) મુજબ અથવા નીચે જણાવેલ દસ્તાવેજો સામેલ કરી અરજી તે જ કચેરીમાં કરવાની રહેશે.

(૧) મરણનું પ્રમાણપત્ર

(૨) અપ્રાપ્ય પ્રમાણપત્ર અથવા હોસ્પિટલ/ ખાનગી તબીબ ધ્વારા અપાયેલ ( ફોર્મ - ૪ અથવા ફોર્મ - ૪ (એ)ની પ્રમાણીત (ડોકટરના સહી સિકકા સહીત) નકલ

(૩) ઇન્ડોર કેસ પેપર્સ (દાખલ થયેલ દર્દિના કિસ્સામા)

(૪) ઘરે મૃત્યુના કિસ્સામાં દર્દીએ સ્થાનીક તબીબની સારવાર લીધી હોય તેની વિગતો તથા આધાર પુરાવા

(૫) દર્દીના કરવામાં આવેલ વિવિધ પરિક્ષણ જેવા કે (લેબોરેટરી પરિક્ષણ, રેડીયોલોજી પરિક્ષણના પુરાવા)

## કોવિડ - ૧૯ સહાય મેળવવા બાબતે માર્ગદર્શિકા

કોવિડ - ૧૯ના મૃત્યુ અંગેની સહાય મળવવા બાબતે ઉપર મુજબ જરૂરી દસ્તાવેજ/ પુરાવા એકત્ર કરી અરજદારે પોતાની પાસે જ રાખવાના રહેશે અને હવે પછી રાજય સરકારશ્રી ધ્વારા સહાય અંગે આગળની સુચના/ માર્ગદર્શિકા મળેથી સહાય ચુકવણી અંગેની કાર્યપધ્ધતી જાહેર કરવામાં આવશે.